# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-8-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

**આકાશવાણી- સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામના પ્રધાનમંત્રી ફામ ચિન ચિહ્ન વચ્ચે દ્વીપક્ષીય બેઠક - બંને દેશો વચ્ચે વિવિધ સમજતીઓ પર હસ્તાક્ષર કરાયા
- અનુસૂચિત જાતિજનજાતિ- અનામતમાં પેટા વર્ગીકરણ કરવા રાજ્ય વિધાનસભાઓને સર્વોચ્ચ અદાલતની મંજૂરી
- કેરળના વાયનાડમાં યુદ્ધ ધોરણે બચાવકામગીરી ચાલી રહી છે, વિસ્થાપિત થયેલા લોકોના પુનર્વસન માટે રાજ્ય સરકારે કામગીરી શરૂ કરી
- હિમાચલ પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓમાં બેનાં મોત અને 50થી વધુ લોકો ગૂમ થયાના અહેવાલ
- અને પેરિસ ઑલિમ્પિકમાં શૂટર સ્વપ્નિલ કુશાલેએ પુરષોની 50 મીટર રાઇફલ 3 પોઝિશન ફાઇનલમાં ભારત માટે ત્રીજો કાંસ્ય ચંદ્રક જીત્યો

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM VIETNAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન ચિન્હ સાથે દિલ્હીમાં બેઠક કરી હતી. જે બાદ બંને નેતાઓએ વિયેતનામના ન્હા તરાંગમાં

ટેલિકોમ યુનિવર્સિટીનું વર્ચ્યૂઅલ ઉદ્ઘાટન કર્યું હતું. તે ભારત અને વિયેતનામ વચ્ચેની સંયુક્ત યોજના છે. ભારતે આ પ્રોજેક્ટ માટે પાંચ મિલિયન ડૉલરની સહાય આપી છે.

વિયેતનામના પ્રધાનમંત્રીની દિલ્હી મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે જકાત, કૌશલ્યવર્ધન, કૃષિ સંશોધન, શિક્ષણ, દરિયાઈ જીવ સૃષ્ટિ ઉપરાંત ઔષધિય છોડ તેમજ કાયદાકીય ક્ષેત્રને લઈને વિવિધ સમજૂતિઓ પર હસ્તાક્ષર કરાયા હતા. આ ઉપરાંત પ્રસાર ભારતી અને વૉઇસ ઑફ વિયેતનામ રેડિયો તેમજ ટેલિવિઝનમાં સહકાર અંગેની સમજૂતી ઉપર પણ હસ્તાક્ષર કરાયા.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે ભારત અને વિયેતનામ વચ્ચેના સંબંધો છેલ્લા દસ વર્ષોમાં વધુ મજબૂત બન્યા છે.

(BYTE: PM BYTE FOR 7.50 PM)

પ્રધાનમંત્રી ચિહ્ન એ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે પણ મુલાકાત કરી હતી.

## SUPREMECOURT-SC/ST QUOTA

સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડનાં વડપણ હેઠળની સાત ન્યાયાધીશોની બનેલી બેન્ચે બહુમતી ચૂકાદામાં જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભાઓ અનુસૂચિતજાતિ અને જનજાતિઓમાં પેટા વર્ગીકરણ કરી શકે છે. સર્વોચ્ચ અદાલતે 6 વિરુધ્ધ 1 થી આપેલા ચૂકાદામાં વર્ષ 2004નાં ઇવી ચિન્નિયાહ ચૂકાદાને રદબાતલ ઠેરવ્યો હતો.

આ ચૂકાદામાં જણાવાયું હતું કે, શિક્ષણનાં પ્રવેશ અને જાહેર નોકરીઓમાં અનામત માટે અનુસુચિત જાતિ અને જનજાતિઓનું પેટા વર્ગીકરણ મંજૂર નથી. ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડે ઐતિહાસિક પુરાવાઓનો ઉલ્લેખ કર્યો હતો અને સૂચન કર્યું હતું કે, પેટા વર્ગીકરણથી બંધારણની 14મી કલમનો ભંગ નથી થતો અને કલમ

15 અને 16 રાજ્યોને જ્ઞાતિનું પેટા વર્ગીકરણ કરતા અટકાવતી નથી. અગાઉ, 8 ફેબ્રુઆરીએ સર્વોચ્ચ અદાલતે આ કેસમાં તેનો ચૂકાદો અનામત રાખ્યો હતો.

## COURT MATHURA TEMPLE

અલ્હાબાદ વડી અદાલતે એક ચુકાદામાં મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદ સાથે સંબંધિત 18 અરજી પર સુનાવણી ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશ મયંક કુમાર જૈનની ખંડપીઠે હિન્દુ પક્ષકારો દ્વારા કેસ ચાલુ રાખવાના આધારને પડકારતી મુસ્લિમ પક્ષકારોની અરજીને ફગાવી દીધી હતી. અગાઉ 31 મેના રોજ વડી અદાલતે આ મામલે સુનાવણી કરતા પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મથુરાના કૃષ્ણ મંદિરની પાસે આવેલી શાહી ઇદગાહ મસ્જિદને હટાવવાની માગ કરતી અરજીઓ દાખલ કરાઈ છે. 12 ઓગસ્ટથી અદાલત આ મામલે વધુ સુનાવણી હાથ ધરશે.

અરજદારોનો દાવો છે કે, ઔરંગઝેબ સમયની મસ્જિદ મંદિરને તોડીને બનાવવામાં આવી હતી. પરંતુ મસ્જિદ પ્રબંધન સમિતિ અને યુપી સુન્ની વક્ફ બોર્ડની દલીલ છે કે, પૂજાના સ્થળ અધિનિયમ, 1991 – દેશની સ્વતંત્રતાના દિવસ પૂર્વે બંધાયેલા કોઈ પણ પૂજા સ્થળની સ્થિતિને બદલવા પર મનાઈ ફરમાવે છે.

ગત વર્ષે આ જ કેસની સુનાવણી કરતા ઉચ્ચ અદાલતે ત્રણ સભ્યોની કમિશ્નર ટીમ દ્વારા મસ્જિદના સર્વેક્ષણ માટેનો આદેશ આપ્યો હતો. જેની સામે સર્વોચ્ચ અદાલતે મનાઈ હુકમ ફરમાવ્યો હતો.

## VP JAPAN DELEGATION

જાપાનની પ્રતિનિધિ સભાના અધ્યક્ષ નુકાગા ફુકુશિરોના નેતૃત્વમાં જાપાનના એક પ્રતિનિધિ મંડળે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને દેશોએ રાજદ્વારી અને વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવા

અંગેની પ્રતિબદ્ધતાનો પુર્નરોચ્ચાર કર્યો. બંને પક્ષોએ વેપાર, રોકાણ તેમજ લોક સંપર્ક જેવા મુદ્દાઓ વિશે ચર્ચા કરી.

પાંચ દિવસના ભારત પ્રવાસે આવેલા પ્રતિનિધિ મંડળે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સાથે પણ મુલાકાત કરી. વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની મુલાકાતમાં વેપાર, રોકાણ, શિક્ષણ અને ટેક્નૉલોજીમાં સહકાર વધરવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

## LS-DISASTER MANAGEMENT BILL

આફત વ્યવસ્થાપન સુધારા ખરડો – 2024 આજે લોકસભામાં રજૂ કરાયો હતો. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે ગૃહમાં રજૂ કરેલા આ ખરડામાં 2005ના આફત વ્યવસ્થાપન કાયદામાં સુધારા સૂચવવામાં આવ્યા છે. જેનો હેતુ રાષ્ટ્રીય અને રાજ્ય આફત વ્યવસ્થાપન સંસ્થાઓને વધુ સૂચારુ રીતે કામ કરવા સક્ષમ બનાવવાનો છે.

આ ખરડો વહીવટીતંત્રને રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે આફત પૂર્વેની તૈયારીના ભાગ રૂપે યોજના બનાવવાની સત્તા આપશે. નવા સુધારાઓમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે આફત અંગેનો ડેટાબેસ તૈયાર કરવા કહેવાયું છે. ઉપરાંત રાજધાની અને મ્યુનિસિપલ કોર્પોરેશન ધરાવતા મોટા શહેરો માટે શહેરી આફત વ્યવસ્થાપન સંસ્થા તેમજ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય આફત પ્રતિભાવ દળની રચનાની પણ જોગવાઈ છે.

આ બિલનો હેતુ આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કાર્યરત અધિકારીઓ અને સમિતિઓની ભૂમિકામાં વધુ સ્પષ્ટતા અને એકરૂપતા લાવવાનો છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## KERALA-WAYANAD UPDATE

કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને જણાવ્યું છે કે, ભૂસ્ખલને કારણે સૌથી વધુ અસરગ્રસ્ત મુન્ડાક્કાઈમાં ફસાયેલા તમામ લોકોને બચાવી લેવાયા છે.

પત્રકારોને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, હજી કેટલાક લોકો ગૂમ છે, તેમજ વધુ કેટલાક મૃતદેહો કાટમાળમાં દટાયેલા હોવાની શક્યતા છે. તેમણે જણાવ્યું કે સૈન્ય દ્વારા રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, ચાલિયાર નદીમાં વહી ગયેલા મૃતદેહોને બહાર કાઢવાના પ્રયાસો ચાલું છે. જ્યારે અસરગ્રસ્તોના પુનર્વસન માટેના પગલાં પણ લેવાઈ રહ્યા છે. હોનારતને પગલે અનેક પરિવારો ઘરવિહોણા બન્યા છે અને અંસખ્ય બાળકોનું શિક્ષણ છૂટી ગયું છે.

મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગને સહકાર આપવા અપીલ કરી છે, જેથી ભવિષ્યમાં કોઈ રોગચાળો ફેલાતો હોય તો અટકાવી શકાય.

શ્રી વિજયને જણાવ્યું કે મહેસૂલ, વન, પ્રવાસન અને PWD તેમજ અનુસૂચિત જાતિ-જનજાતિ કલ્યાણ વિભાગના મંત્રીઓની બનેલી એક પેટા સમિતિ રાહત કાર્યોના સંકલન અને સમીક્ષા માટે વાયનાડમાં શિબિર કરશે.

તેમણે ખાતરી આપી હતી કે, ભૂસ્ખલનમાં ખોવાઈ ગયેલા વિવિધ રેકોર્ડ અને પ્રમાણપત્રો ફરીથી જારી કરવા માટે પગલાં લેવામાં આવશે. દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અસરગ્રસ્ત ચોરાલમાલા વિસ્તારની મુલાકાતે પહોંચ્યાં હતા.

## HIMACHAL WEATHER

હિમાચલ પ્રદેશમાં ગઈ કાલે રાતે ભારે વરસાદ અને વાદળ ફાટવાથી કુલ્લુ, મંડી અને શિમલામાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. વાદળ ફાટવાની ઘટનાઓમાં 55 લોકો ગૂમ થયા છે, જ્યારે બેના મોત થયાના અહેવાલ છે.

શિમલા જિલ્લામાં રામપુરના ઝાકડીમાં વાદળ ફાટવાની ઘટનામાં 36 લોકો હજી પણ ગૂમ છે, જ્યારે મંડીમાં 9 લોકોના કોઈ સગડ નથી. જ્યારે બેના મૃતદેહ મળી આવ્યા છે.

આ તરફ કુલ્લુ જિલ્લામાં મણિકરણ ખીણ પ્રદેશમાં પાર્વતી નદીમાં પૂરને કરાણે ચાર માળની એક ઇમારત નદીમાં સમાઈ હોવાના અહેવાલ છે. અહીં એક વીજળી યોજના પરનો પૂલ તૂટતા 10 લોકો ગૂમ થયાના સમાચાર છે. વિવિધ સ્થળોએ **NDRF**, **SDRF**, પોલીસ, હોમગાર્ડ તેમજ અગ્નિશામક દળો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલા છે.

મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સિક્ખુએ શિમલામાં આપાત બેઠક બોલાવી હતી.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતની ઘટનાઓ વિશે માહિતી મેળવી, રાજ્ય સરકારને જરૂરી મદદ માટે ગૃહમંત્રાલયને જણાવ્યુ હતું.

આ તરફ હવામાન વિભાગે આગામી 48 કલાકમાં રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને જોતા ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

## EVE PARIS OLYMPICS(1800HRS )

પેરિસ ઑલિમ્પિકમાં આજનો દિવસ ભારતને ક્યાંક આશા તો ક્યાંક નિરાશા સાંપડી. ભારતીય શૂટર સ્વપ્નિલ કુશાલેએ ભારત માટે ત્રીજો કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. સ્વપ્નિલે પુરુષો માટેની 50 મીટર રાઇફલ 3 પોઝિશનની અંતિમ મેચમાં

195 અંક સાથે ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો હતો. તેઓ ઓલિમ્પિકમાં પુરુષોની રાઇફલ શૂટિંગની આ શ્રેણીમાં ચંદ્રક જીતનારા પ્રથમ ભારતીય શૂટર છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ સ્વપ્નિલ કુસાલેને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

જોકે મહિલાઓની 50 મીટર રાઇફલ 3 પોઝિશનમાં અંજુમ મૌદગીલ અને સિફ્ત કૌર - બંને ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા.

બૉક્સિંગમાં નિખત ઝરીન 50 કિલોગ્રામ વજન વર્ગ શ્રેણીમાં રાઉન્ડ ઓફ 16માં, ચીનની ખેલાડી સામે હારી ગયા હતા. તો હોકીમાં ભારત ગ્રુપ-બી ક્વોલિફાયર રાઉન્ડમાં બેલ્જિયમ સામે 2-1થી હાર્યું હતું.

તો બેડમિન્ટનમાં, સાત્વિકસાંઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી - પુરુષ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની જોડી સામે 21-13, 14-21, 16-21થી હારી ગયા હતા.

## IMD WEATHER

હવામાન વિભાગે આગામી દિવસોમાં સમગ્ર દેશમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છેજે અનુસાર પૂર્વોત્તર લદ્દાખ ., ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છના કેટલાક વિસ્તારો ઉપરાંત મધ્ય ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી છે. એ સિવાયના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય વરસાદની સંભાવના છે.

## BIHAR DEATH

બિહારમાં છેલ્લા 24 કલાકમાં વીજળી પડવાથી ઓછામાં ઓછા 10 લોકોના મોત થયા છે. ગયામાં સૌથી વધુ પાંચ, જહાનાબાદમાં ત્રણ અને રોહતાસમાં બે લોકોના મોત થયાના સમાચાર છે.